

# પોતાની પસંદગીનાં કપડાંની લિલામી કરશે આલિયા

હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ ‘રાજી’માં પોતાના પાવર હાઉસ પર્ફોર્મન્સથી લોકોની વાહ વાહ મેળવી રહેલી આલિયા ભટ્ટ પોતાના વૉર્ડરોબની કેટલીક પસંદગીની ચીજોની લિલામી કરવાની છે.

આ લિલામીમાં જે પણ પૈસા મળશે તેને એક ચેરિટી સંસ્થાને દાન કરવામાં આવશે, જે ખરાબ પ્લાસ્ટિકની બોટલોનું રિસાયકલિંગ કરી એવા લોકોને સૌર ઊર્જા પૂરી પાડવાનું કામ કરે છે જેમને વીજળી મળી નથી શકતી.

આલિયાએ જણાવ્યું હતું કે પર્યાવરણને લઇને એ કાફી સજાગ છે. પ્લાસ્ટિક પર્યાવરણને પારાવાર હાનિ કરે છે. આલિયાએ જણાવ્યું હતું કે કેટલાય સમયથી એ તેના વૉર્ડરોબમાં પડેલી વસ્તુઓની લિલામી કરવાનું વિચારી રહી હતી. એના વૉર્ડરોબમાં એવા કેટલાય ડ્રેસ અને વસ્તુઓ છે જે એણે ક્યારેય વાપર્યા જ નથી કે કોઇને ભેટ તરીકે પણ આપ્યા જ નથી. આલિયાને આરામદાયક અને સાધારણ કપડાં જ પસંદ છે.

આ લિલામી શનિવાર અને રવિવારે ખારની નાઇટ માર્કેટમાં થશે. ■



# પ્રિયંકા ફરી મરાઠી ફિલ્મ બનાવશે

પ્રિયંકા ચોપરાનું પર્પલ પેબલ પિક્ચર્સ (પીપીપી) સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. તેનું પ્રોડક્શન હાઉસ વિવિધ પ્રોજેક્ટ સાથે સંકળાયેલું છે. હવે પીપીપીએ તેમના ચોથા મરાઠી પ્રોડક્શનની જાહેરાત કરી છે.

આ ફિલ્મનું નામ ‘પાની’ છે અને તેનું ડિરેક્શન ફર્સ્ટ ટાઇમ ડિરેક્ટર આદિનાથ કોઠારે કરશે. આ સત્ય ઘટના પર આધારિત છે. પ્રાદેશિક સિનેમાને પ્રોત્સાહન આપવાના અને નવી ટેલેન્ટને મોકો મળે હેતુ સાથે પીપીપીનું આ ચોથું મરાઠી પ્રોડક્શન છે.

ફિલ્મમાં આદિનાથ કોઠારે, ઋચા વૈદ્ય, સુબોધ ભાવે, કિશોર જોશી અને રજત કપુરની મુખ્ય ભૂમિકા છે.

દુકાળગ્રસ્ત મરાઠવાડા વિસ્તારના નાગરવાડી ગામમાં પ્રેમી પંખીડાની આ કહાણી છે. આ ફિલ્મમાં સાચા પ્રેમ અને માનવ જીવનની હાડમારીની વાતને ખુબસુરત રીતે વણી લેવામાં આવી છે.

પીપીપીની પ્રથમ ત્રણ ફિલ્મ વેન્ટિલેટર (૨૦૧૬), કાય રે રાસ્કલા (૨૦૧૭) અને ફાયર બ્રાન્ડ (ટૂંક સમયમાં રિલીઝ થશે) છે. ■

# પહેલા સિંઘમ-૩ જ બનશે: રોહિતનો નિર્ણય



રોહિત શેટ્ટીની ગોલમાલ અને સિંઘમ બંને ફિલ્મોની શ્રેણી ખૂબ લોકપ્રિય રહી છે. આ બંને શ્રેણી એ પોતાના મિત્ર અજય દેવગન સાથે બનાવવાનું પસંદ કરે છે.

ગોલમાલનો ચોથો ભાગ ૨૦૧૭માં રજૂ થયો હતો અને સિંઘમ રીટર્ન્સ ૨૦૧૪માં રજૂ થઇ હતી. હવે સિંઘમ-૩ની સહુ રાહ જોઇ રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ રોહિત સિમ્બા નામની ફિલ્મમાં વ્યસ્ત છે અને એ પૂરી થાય એટલે સૌ પ્રથમ એ સિંઘમ-૩નું કામ શરૂ કરવાનો છે.

રોહિતે સ્પષ્ટ જણાવી દીધું છે કે સૌ પહેલા સિંઘમ-૩ જ બનશે અને પછી બીજી કોઇ ફિલ્મ બનાવીશ.

વચ્ચે અફવા ફેલાઇ હતી કે સિંઘમ-૩માં સન્ની દેઓલ મુખ્ય રોલ કરશે, પણ રોહિતે સ્પષ્ટતા કરી દીધી છે કે સિંઘમમાં અજય સિવાય અન્ય કોઇ હીરો નહીં બને. ■

# બોબીના ટ્રાન્સફોર્મેશનનું રહસ્ય..



અભિનેતા બોબી દેઓલ ફિલ્મ ‘રેસ થ્રી’થી બૉલીવૂડના રૂપેરી પડદે વાપસી કરી રહ્યો છે. આ ફિલ્મ માટે તેણે પોતાના શરીરને ખાસ કરીને ટ્રેઇન્ડ કરી છે, જીમમાં કલાકો ને કલાકો પરસેવો પાડીને સલમાન સાથે એક જ દશ્યમાં શર્ટલેસ થયો હતો. ફિલ્મના ટ્રેલર પરથી સાવ દેખાઇ આવે છે કે સલમાનને બોબીએ બરાબરની ટક્કર આપી છે. બોબીના બદલાયેલા લુક્સ પાછળ સલમાન ખાનનો જ હાથ છે. સલમાને તેને પ્રેરિત કર્યો હતો અને તેની માટે એક જીમ ટ્રેનર રાખ્યો હતો. બોબી દેઓલને પોતાનો આ ટ્રાન્સફૉર્મેશન જોઇને કુતૂહલ થાય છે. બોબીએ આનો શ્રેય સલમાનને આપતા કહ્યું હતું કે, મામુ (સલમાન) મારા માટે એન્જલ છે, સલમાનનો મને ફોન આવ્યો હતો અને તેણે મને પૂછ્યું કે હું શર્ટલેસ થવા તૈયાર છું કે નહીં, મેં તરત જ હા ભણી હતી. સલમાને બોબીના ટ્રાન્ફોર્મેશનની જવાબદારી ઉઠાવી હતી અને તેને પૂરી પણ કરી હતી. ■

# હેપ્પી ફરી ભાગવા તૈયાર



ફિલ્મ ‘હેપ્પી ફિર ભાગ જાએગી’નું શૂટિંગ પૂર્ણ થઇ ગયું છે અને અભિનેત્રી સોનાક્ષી સિન્હાનું કહેવું છે કે તેના માટે આ શાનદાર સફર હતી. સોનાક્ષીએ ફિલ્મમાં કામ કરવાની તક આપવા બદલ ફિલ્મના દિગ્દર્શક મુદસ્સર અઝીઝ અને પૂરી ટીમનો આભાર માન્યો હતો. સોનાક્ષીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે ફિલ્મ ‘હેપ્પી ભાગ જાએગી’નું શૂટિંગ પૂર્ણ થઇ ગયું. શાનદાર ટીમ સાથે આ શાનદાર સફર રહ્યો. મુદસ્સર અઝીઝે મને ફિલ્મમાં કામ કરવાની તક આપવા બદલ આભાર. અત્યાર સુધીના સૌથી મજેદાર શૂટિંગમાંના એક માટે તમામ કલાકાર અને ટીમનો આભાર. ૨૪ ઑગસ્ટની રાહ નથી જોઇ શકતી’. અઝીઝે પણ ફિલ્મના તમામ કલાકારનો આભાર માન્યો હતો. તેમણે લખ્યું કે ‘સોનાક્ષી સિન્હા, જિમ્મી શેરગિલ, પિયૂષ મિશ્રા, અલી ફૈઝલ, ડાયના પેન્ટી, અપારશક્તિ...તમારા સૌનો ધન્યવાદ. આનંદ એલ. રાય આ તમારા માટે..૨૪ ઑગસ્ટે, અમે આવી રહ્યા છીએ’. જણાવી દઇએ કે ફિલ્મ ‘હેપ્પી ફિર ભાગ જાએગી’ વર્ષ ૨૦૧૬માં આવેલી ફિલ્મ ‘હેપ્પી ભાગ જાએગી’ની સીકવલ છે, જે ૨૪મી ઑગસ્ટે રિલીઝ થશે. ■

# રણબીરે સાત દિવસમાં બે ફિલ્મ સાઇન કરી

રણબીર કપૂરે સાત દિવસમાં બે મોટી ફિલ્મો સાઇન કરી હતી.

રણબીરે યશરાજ ફિલ્મસની શમશેરા અને અજય દેવગનની અનામ ફિલ્મ સાઇન કરી છે.

રણબીર કપૂર કુશળ કલાકાર છે, પણ એણે જેવા પ્રકારની ફિલ્મો પસંદ કરી હતી એને લીધે એના વિશે અનેક સવાલ ઊભા થયા હતા.

એના પિતા ઋષી કપૂરને પણ રણબીરે પસંદ કરેલી ફિલ્મો ગમી નહોતી.

રણબીરે બૉમ્બે વેલવેટ, બેશરમ, રૉય અને જગ્ગા જાસૂસ જેવી ફિલ્મોમાં કામ કરીને પોતાની ઇમેજ ડાઉન કરી હતી. આ ફિલ્મોને કારણે વરુણ ધવન અને રણવીર સિંહ જેવા હીરો આગળ નીકળી ગયા હતા.

કેરીયરની શરૂઆતમાં રણબીર માટે લોકોએ એવી આશા બાંધી હતી કે એ ત્રણેય ખાનને ટક્કર આપશે, પણ એવું કશું ન થયું. ■



# પાર્ટી ઓલનાઇટ..



ફિલ્મ ‘રેસ થ્રી’ના ટ્રેલર લોન્ચના ગણતરીના કલાકો બાદ ફિલ્મની ટીમે પાર્ટી કરી હતી. આ પાર્ટીમાં સલમાન ખાન, જેકલિન ફર્નાન્ડીસ, ડેઝી શાહ, બોબી દેઓલ, અનિલ કપૂર, રેમો ડીસૂઝા, સાકિબે ઉપસ્થિત રહ્યા હતા. આ પાર્ટી ફિલ્મના દિગ્દર્શકના ઘરે થઇ હતી. આ પાર્ટી મોડી રાત સુધી ચાલી હતી. સલમાને આ ફિલ્મની ફ્રેન્ચાઇઝી વિશે વાત કરતા કહ્યું હતું કે, પહેલા સ્ક્રીપ્ટ તો મને કાંઇ સમજાઇ નહોતી પણ રમેશ તૌરાનીના વારંવાર કહેવાથી મે સ્ક્રીપ્ટને સાંભળી હતી અને સાંભળ્યા બાદ મને અહેસાસ થયો હતો કે આ કોઇ નવા પ્રકારની ફિલ્મ છે. મને કોઇ નવા પ્રકારની ફિલ્મ કરવી હતી, કંઇક અલગ કરવું હતું અને મને આ ફિલ્મ મળી તેનો મને આનંદ પણ છે. આવા પ્રકારની ફિલ્મનો હું ક્યારેય હિસ્સો બન્યો નથી, તેથી આ ફિલ્મ કરવા માટે હું ખૂબ ઉત્સાહિત હતો. ■

# ભારતી-હર્ષની જોડી ટીવી પર દેખાશે..?

ટીવી જગતની હાસ્યની રાણી તરીકે જાણીતી ભારતી સિંઘ અને તેનો પતિ હર્ષ લિંબચિયા આગામી મહિનામાં ઑન ઍર થનારો શો ‘ખતરો કે ખિલાડી’માં ભાગ લેશે, એમ ફિલ્મી કાનાફૂસી દ્વારા જાણવા મળ્યું હતું. જો એમ થયું તો તેમના દાંપત્યજીવનની શરૂઆત બાદ તેઓ ટીવી પડદે પહેલી વખત સાથે દેખાશે. આ વિશે ભારતીએ કહ્યું હતું કે, શોની ટીમે અમારો સંપર્ક સાધ્યો હતો પણ અમે અમારો નિર્ણય થોડા સમય બાદ તેમને જણાવશું.

હાલમાં હર્ષના નિર્માણગૃહ હેઠળ બની રહેલી ફિલ્મમાં પણ તેઓ વ્યસ્ત છે. મારો પતિ લગ્ન બાદ મને ઝેલતા શીખી ગયો છે તેથી આ શોનો વિજેતા થાય તો નવાઇ નહીં, એમ તેણે હસતા હસતા જણાવ્યું હતું. ■



# સોનમ અને હર્ષવર્ધન આવશે આમનેસામને





૨૦૧૮ની પહેલી જૂન બી-ટાઉન, દર્શકો અને સોનમ કપૂર અને હર્ષવર્ધન કપૂર બંને માટે મહત્ત્વની પુરવાર થશે, કારણ કે એ જ દિવસે બંને ભાઈ-બહેન બૉક્સ ઓફિસ પર સામસામે ટક્કર લેશે. જી હા, સોનમ અને હર્ષવર્ધન સગા ભાઈ-બહેન છે, પણ તેમ છતાં બંને જણને ફિલ્મોની તારીખ ક્લેશ થાય તેમાં કોઈ જ વાંધો નથી. સામાન્યપણે જો કોઈ બે ફિલ્મો એક સાથે રિલીઝ થાય તો તેના કલેક્શન પર અસર જોવા મળે છે. હર્ષવર્ધનની ફિલ્મ ‘ભાવેશ જોશી’ની રિલીઝ ડેટ પોસ્ટપોન્ડ કરવામાં આવી હતી અને અનાયાસે હવે આ ફિલ્મ પહેલી જૂનના રિલીઝ કરાશે. એ જ દિવસે સોનમ કપૂરની ફિલ્મ ‘વીરે દિ વેડિંગ’ પણ રિલીઝ થઈ રહી છે. જોકે આ પહેલી વખત નથી થયું કે એક જ પરિવારના બે સભ્યોની ફિલ્મ એક જ દિવસે રિલીઝ થઈ હોય. આ પહેલાં પ્રિયંકા ચોપ્રાની ‘ઝંઝીર’ અને પરિણીતી ચોપ્રાની ‘શુદ્ધ દેસી રોમાન્સ’ પણ એક જ દિવસે રિલીઝ થઈ હતી. ૨૦૧૧માં એક્તા કપૂરના પ્રોડક્શન હાઉસની ‘રાગિણી એમએમએસ’ અને તુષાર કપૂરની ‘લવ યુ મિ. કલાકાર’ રિલીઝ થઈ હતી, જેમાં તુષાર લીડ રૉલમાં જોવા મળ્યો હતો. ■

# રામ ગોપાલ વર્મા તો મોડા પડ્યા

અભિનેતા નાગાર્જુન અને રામ ગોપાલ વર્માની આગામી ફિલ્મ ‘ઑફિસર’ ૨૫મી મેએ રિલીઝ થવાની હતી, જે હવે પહેલી જૂને રિલીઝ કરવામાં આવશે. આ વિશે રામ ગોપાલ વર્માએ કહ્યું હતું કે, ફિલ્મમાં સ્પેશિયલ ઇફેક્ટ્સ આપવા માટે થોડો સમય લાગી રહ્યો છે, તેથી આ ફિલ્મને એક અઠવાડિયા સુધી મુલતવી રાખવામાં આવી છે અને હવે અમારી ફિલ્મ પહેલી જૂને રિલીઝ થશે. આ ફિલ્મમાં નાગાર્જુન એક હિંમતવાન પોલીસ ઑફિસરના પાત્રમાં જોવા મળશે અને તે જબરદસ્ત ઍક્શન કરશે. ૨૭ વર્ષ બાદ રામ ગોપાલ વર્મા અને નાગાજુર્ન સાથે ફિલ્મમાં કામ કરી રહ્યા છે. રામ ગોપાલ વર્માની આ ફિલ્મ દ્વારા રૂપેરી પડદે પુનરાગમન કરશે. ■

# સનીની ફિલ્મમાં અડચણ આવી

એ તો જાણીતી વાત છે કે સન્ની દેઓલ પોતાના પુત્ર કરન દેઓલને મોટા પદડે રજૂ કરવા ઉતાવળો થયો છે. એક્ટરમાંથી નિર્માતા અને દિગ્દર્શક બનેલા સન્નીએ પોતાના પુત્ર કરણને રજૂ કરવા માટે પલ પલ દિલ કે પાસ ફિલ્મ બનાવવાની શરૂ કરી છે અને આ ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન પણ પોતે જ કરી રહ્યો છે.

આ ફિલ્મનું મોટાભાગનુ શૂટિંગ ઉત્તર ભારતમાં કરવામાં આવ્યું છે. જોકે, તાજેતરમાં દિલ્હીમાં શુટીંગ કરતી વખતે અચાનક હવામાનમાં આવેલા બદલાવને લીધે કામ ખોરંભે ચઢ્યુ હતું.

ફિલ્મનુ શૂટિંગ ગુરુગ્રામમાં થઇ રહ્યું છે અને રવિવારે દિલ્હીમાં આવેલા અચાનક વાવંટોળને લીધે શૂટિંગ પડતું મૂકવું પડયું હતું.

ફિલ્મના સહ-નિર્માતા સુનિલ સૈનીએ જણાવ્યું હતું કે સવારે બધુ યથાવત હતું, પણ બપોર પછી અચાનક વાતાવરણમાં આવેલા બદલાવને લીધે શૂટિંગની વસ્તુઓ જ્યાંત્યાં ફંગોળાવા લાગી હતી.

લાઇટો અને કેમેરા બચાવવા બધા દોડયા હતા, પણ લાકડાના છાપરા નીચે પાર્ક કરેલી સન્નીની એસયુવી પર શૅડ તૂટી પડતા કારને ખાસ્સું નુકસાન થયું હતું. ■



# ‘પૃથ્વીવલ્લભ’નો અભિનેતા આશિષ શર્મા ટ્રાન્સજેન્ડરની ભૂમિકામાં



જાણીતો ટીવી એક્ટર આશિષ શર્મા જે હાલમાં સોની ચેનલ પર આવી રહેલી ધારાવાહિક ‘પૃથ્વી વલ્લભ’માં મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યો છે, તેણે પોતાના નવા પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આશિષે અમુક ફિલ્મમાં નાની મોટી ભૂમિકા નિભાવી છે. હવે એ મુખ્ય અભિનેતા તરીકે ‘ખેજદી’ ફિલ્મમાં ડેબ્યુ કરવા જઇ રહ્યો છે. બીજી રસપ્રદ બાબત એ છે કે આ ફિલ્મમાં તે ટ્રાન્સજેન્ડરની ભૂમિકામાં જોવા મળશે.

એક મનોરંજન પોર્ટલ પર અભિનેતાએ આ વાતને સમર્થન આપતા જણાવ્યું હતું કે,‘ફિલ્મમાં મારી ભૂમિકા વિશે હું બહુ નહીં જણાવી શકું પરંતુ હું શિર્ષક રોલમાં છું. ’

ઓન સ્ક્રીન પર ટ્રાન્સજેન્ડરની ભૂમિકા નિભાવવામાં તેને કોઇ શરમ કે છોછ નથી નડતો. પોતાના કામથી તે ખુશ છે. તે વિવિધ રોલ કેટલી સારી રીતે નિભાવી શકે છે એ તેણે લોકોને દેખાડી આપવું છે.

ફિલ્મનું શુટિંગ પૂરું થઇ ગયું છે.

‘ખેજદી’ ફિલ્મને કશિશ મુંબઇ ઇન્ટરનેશનલ ક્વીર ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૧૮માં દર્શાવવામાં આવશે.

એનડીટીવી ઇમેજિનના શો ‘ગુનાહોંક કા દેવતા’થી ડેબ્યુ કરનાર આશિષ ‘ચંદ્રગુપ્ત મૌર્ય’, ‘રંગરસિયા’ જેવી જાણીતી સિરિયલમાં કામ કરી ચૂક્યો છે. ‘ઝલક દિખલા જા-૭’નો તે વિજેતા પણ રહી ચૂક્યો છે. ■